**તા. ૩૦/૦૯/૨૦૨૫ : નવરાત્રી પર્વની ઉજવણી :** શાળામાં નવરાત્રી પર્વની ઉજવણીના ભાગ રૂપે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોમર્સના તમામ વિદ્યાર્થીઓએ ટ્રેડિશનલ કપડાં પહેરી આનંદ ઉમંગ સાથે ગરબા રમ્યાં હતા. ઉપરાંત શિક્ષકો પણ ગરબામાં જોડાયાં હતાં.





**તા. ૧૫/૧૦/૨૦૨૫ : દિવાળી પર્વની ઉજવણી :** શાળાના પ્રથમસત્રના અંતિમ દિવસે કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પટાંગણમાં વિવિધ પ્રકારની રંગોળી બનાવી દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. **કન્વીનર : મૌનાંગીનીબેન, સોનલબેન**





**સ્વપ્ન જુઓ, શ્રધ્ધા રાખો અને સતત પ્રયત્ન કરો.**

**તા. ૧૮/૧૧/૨૦૨૫ : સ્વાધ્યાય પરિવાર :** શાળાના કોમર્સ વિભાગનાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય પરિવારના ૪ યુવાનો દ્વારા અબ્રાહમ લિંકન, ડૉ. એ. પી. જે અબ્દુલ કલામ જેવી મહાન વ્યકિતઓના જીવનચરિત્ર રજૂ કરી પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરુ પાડ્યું.

**તા. ૨૧,૨૨/૧૧/૨૦૨૫ : પ્રવાસ : કોમર્સ વિભાગના કુલ ૫૦ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકોએ ભાવનગર ખાતે આવેલ અલંગ બંદર, નિષ્કલંક મહાદેવ મંદિર અને બગદાણા સ્થળનો આનંદદાયી પ્રવાસ કર્યો.** કન્વીનર : ઉર્વસીબેન જાની




**તા. ૧૨,૧૩/૧૨/૨૫ : પ્રવાસ : કોમર્સ વિભાગના કુલ ૩૧ વિદ્યાર્થીઓ, ૨ શિક્ષકો અને શાળાના ડાયરેકટરશ્રી મા. ડો. બી. આઈ. પ્રજાપતિ સાથેનો બે દિવસીય દ્વારકા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં દ્વારકા, બેટ દ્વારકા, હરસિદ્ધિ માતાનું મંદિર, પોરબંદર, રુકમણિ મંદિર, ગોપી તળાવ, ખોડલધામ, વીરપુર વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.** કન્વીનર : ઉર્વશીબેન, ચારૂલબેન



**તા. ૧૪/૧૨/૨૫ : યુવા ઉત્સવ (૨૦૨૫-૨૦૨૬) : ધો. ૧૧ ગુ.મા.નો વિદ્યાર્થી દિવ્યાંગ એમ. મોદી કે જેમણે યુવા ઉત્સવ જિલ્લા કક્ષાએ તા. ૬/૧૨/૨૫ ના રોજ રૂંગટા વિદ્યાલય, ભરૂચ ખાતે લોકવાદ્ય સંગીત (ઢોલ) પ્રદેશ કક્ષાએ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની પ્રદેશ કક્ષાએ તા ૧૪/૧૨/૨૫ના રોજ મૌની ઇન્ટરનેશનલ સ્કુલ,ઉત્રાણ,સુરત ખાતે લોકવાદ્ય સંગીત (ઢોલ) સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા બન્યા. શાળાનું ગૌરવ વધાર્યા બદલ ખૂબ ખૂબ અભિનંદન.** કન્વીનર : ચીમનભાઇ, વંદનાબેન

